પ્રકાશક:
ધનરાજ ધાસીરામ કોઠારી.
શ્રી લા[illegible] પુસ્તક ભંડાર
ગાંધી [illegible]ર્ગ, પુલ પાસે,
અમદા[illegible]-૧.

પ્રથમ આવૃત્તિ: ૧૯૭૫

કિંમત · બે રૂપિયા

મુદ્રક:
આનંદ રોજગાર કાર્યાલય
એ-૭, જે. કે. એસ્ટેટ
દૂધેશ્વર રોડ,
અમદાવાદ-૪.

પ્રાસંગિક

બૃહદ્ મુંબઈના વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘોને ઉપકારી છએક ચોમાસાંનો લાભ આપી સૌરાષ્ટ્ર ભણી જતાં જતાં આગમપ્રેમી મહાસાધ્વી લીલાવતીબાઈ મહાસતી ઠા-૩૮નું અહીં તા. ૭મી-એ આત્માર્થી મુક્તાબાઈ સાધ્વીથી આવાગમન શરૂ થયું. પછી એમનાથી દીક્ષાવૃદ્ધ સાધ્વી સરલસ્વભાવી –ભક્તહૃદયા મંજુલાબાઈ સાધ્વી પણ આવ્યાં અને તા. ૨૩–૧–૭૪ના રોજ લીલાવતીબાઈ સ્વામી પધાર્યાં. તેઓ ઉદયે ત્રણ દિવસ રહ્યાં હતાં. તે વખતે પૂરા બે દિવસ સાધ્વી ઠા-૩૪ અહીં ઉપસ્થિત હતાં. જેથી ઘણું માંગલ્યમય લાગતું હતું. આ શુભ પ્રસંગનો લાભ લઈ (ત્રિવેણી સદય ધાર્મિક સંઘના જાહેર નિમંત્રણને માન આપી) આખાયે મુંબઈના સ્થા. જૈ. સંઘો અને જૈનેતરો મળી લગભગ બે એક હજારનો માનવમહેરામણ આ દિવસો દરમિયાન ઉભરાયો હતો. ત્યારથી વહોરાવવાથી માંડીને સાધ્વીઓ તથા જૈનેતરોની સેવામાં કે.ડી. હાઈસ્કૂલ, હરજીવન વિશનજી ટ્રસ્ટ

અને આમનાં આબાલવૃદ્ધ જૈન જૈનેતર (ગુજરાતી મહારાષ્ટ્રી) સૌએ જે અપૂર્વ સેવા બજાવી તે ખાસ મહાવીરનગર-આંતરરાષ્ટ્રીય કેંદ્રને આંગણે એક ઐતિહાસિક અને ઉલ્લેખપાત્ર ભવ્ય પ્રસંગ ઊજવાઈ ગયો. જ્યારે મીરાંબહેન, મણિભાઈ, કેંદ્રના કાર્યકર્તા વગેરે સૌનો પણ આમ ટુંકો ઉપર નોંધપાત્ર પ્રભાવ પડેલો જણાયો

એ જ શુભ પ્રસંગે કલકત્તાથી સુશ્રાવક વીરચંદભાઈની પુસ્તકની માગણીનો પત્ર તેમનાં સંસાર પક્ષનાં સુપુત્રી મહાસતી હીરાબાઈ સ્વામીના પત્ર સાથે આવેલો કે 'જિંદગીનો અંત જે સાંભળવાથી સુધરી જાય એવું પુસ્તક આપ તૈયાર કરાવી આપો.' એને થયું : 'સુશ્રાવક શ્રી વીરચંદભાઈ કંપાણી સાહેબે આવું અનાયાસે આ જ ટાણે સૂચન બહાર આવ્યું. તેમાં ખરેખર કુદરતનો જ કોઈ મહાન સંકેત છે!"

તે રીતે આ પુસ્તક તૈયાર પણ થયું. અને તે સાધ્વીજી હીરાબાઈ વગેરેને જોવા મોકલાયું, તેમણે જે સુધારાવધારા લખી મોકલ્યા, તે અંગે

કેટલુંક માન્ય રખાયું અને જે માન્ય ન રખાય, તેવું હતું તે અંગે ખુલાસો પણ લખી મોકલાયો.

તેવામાં અહીં તા ૮ થી ૧૦ 'મે'ના બાલ નલ-કાંઠા પ્રયોગ કાર્યકર શિબિર હતો. તે નિમિત્તે શ્રી દુલેરાય માટલિયા આવેલા, તેમને આ પુસ્તક અર્પ્યું અને 'આટલું' જે લખાયું છે તો સાથે સાથે 'નિશ્ચયનય'ના દૃષ્ટિએ પણ થોડુ ઉમેરાઈ જાય તો દિગંબર-શ્વેતાંબર-સ્થાનકવાસી અને તેરાપંથી એમ ચારેય જૈન ફિરકાઓ માટે આ 'ચિરંજીવ વસ્તુ' બનશે. એ સૂચન પછી 'બીજો ભાગ' લખી આ પુસ્તક લગભગ રોઢું બનાવ્યું છે. જોકે શ્રાવક વીરચંદભાઈ તથા સાધ્વી શ્રી લીલાવતીબાઇ સ્વામીની ઇચ્છા આ પુસ્તક ટૂંકું અને સરળ થાય કે જેથી મૃત્યુ વખતે પણ સાંભળીને 'મનન' સારી પેઠે થાય,' તેવી હતી. 'સૌને આ જ ઠીક હવે રહેશે, તે રીતે આ પુસ્તક તૈયાર થયું મનાય. ભાઈશ્રી બળવંતરાય ખંઢેરિયા પૂનાવાળાએ આ પુસ્તકના બન્ને ભાગનું હાથ-લખાણ ફરીથી તૈયાર કર્યું છે. તે પહેલાં બહેન

ભાગ પહેલો

(શાર્દૂલ છંદ)

.ત્યુ આવી પડે અચાનક કરી અંતર્મુહૂર્તી ઘડી,
પે'લાં જિનદેવ! સુપ્તહૃદયે તારીસ્મૃતિ લાધતી;
ળાપે અણુમાર તરત, મુજને સદ્‌બોધ સ બોધતું
તું પુસ્તક આ થશે મૃતસમે, 'અમૃતખોળા'સમું.

(અનુષ્ટુપ છંદ)

.ત્યુદુઃખ—મહાદુઃખ, કેમકે કર્મબંધ છે;
જેનાથી ભવના ફેરા, આત્માને ફરવા પડે. (૧)

અનિવાર્ય દશા એ છે. (તો) ત્યાં રહી પરિ-
વેદના!' એ ગીતાવાક્ય સાચું જ છે, તો દુઃખ
ઉઠાવવું આપણે નિરર્થક છે છતાં તે કેમ થાય
છે? તેનો થોડો વિચાર કરીએ :—

૨

અખંડાનંદીને શુદ્ધ ચૈતન્યઘન આત્મતા;
રાગ ને દ્વેષ અજ્ઞાને ઊલટું વર્તતી સદા. (૧)
મોહઅજ્ઞાનથી જન્મ-મૃત્યુ એ ફરવાં પડે,
મોહ અજ્ઞાનથી મુક્તિ-માટે તો મથવું પડે. (૨)

મરણદુઃખનું મૂળ કારણ

મૃત્યુના મહાદુઃખનું મૂળ કારણ તો એ લાગે
છે કે, જે જીવને એટલી ખાતરી નથી કે 'આજે
જે સ્થિતિ છે, તેના કરતાં મૃત્યુ પછી આના કરતાં
ખરાબ સ્થિતિ તો થવાની જ નથી. કંઈક ને કંઈક
સારી સ્થિતિ જ થવાની છે.' આટલી ખાતરી
હોય તો જેમ જીર્ણ થયેલાં કપડાંને છોડી
માનવી; નવું વસ્ત્ર પહેરવા ઇચ્છે છે, તેમ નવી
જિંદગી જ પસંદ કરે! અલબત્ત જૂની ચીજ
પરની મમતા પણ માનવીને પકડી રાખે ખરી.

જતાવી દીધું. આસક્તિથી બંધન થાય તે પણ સ્વાભાવિક છે અને કર્મબંધનને કારણે સંસારમાં ભમવું પડે તે પણ તેટલું જ સ્વાભાવિક છે. દુઃખમાં મરણદુઃખનું પણ મૂળ કારણ એક માત્ર આસક્તિ છે. આસક્તિ હોય ત્યાં અજ્ઞાન અને મોહ હોય જ અને જેમ જેમ આસક્તિ વધતી જાય, તેમ તેમ જે સ્થિતિ અત્યારે છે, તે કરતાં વધુ સારી સ્થિતિ મરણ પછી પરલોકમાં મળશે, એની ખાતરી શી રીતે થાય? અને તો બીજાં બધાં દુઃખો કરતાં મૃત્યુનું દુઃખ વધુ સાલે તે દેખીતું છે. વળી શરીરની જે કાંઈ શક્તિઓ છે, તે પણ આવી નિરાશામાં ઢીલી થઈ જાય એટલે શક્તિઓને ટકાવવી અને નિરાશાને ખંખેરી નાંખવી એટલું જો માનવદેહ મળ્યા પછી થઈ શકે તો જાણે જગ જીતી ગયા! શ્રીમદ્ કહે છે:

'જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક-દશા, મોક્ષપંથ—ભવઅંત.
રાગદ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી તે જ મોક્ષનો પંથ'

બતાવી દીધું. આસક્તિથી બંધન થાય તે પણ સ્વાભાવિક છે અને કર્મબંધનને કારણે સંસારચક્રમાં ભમવું પડે તે પણ તેટલું જ સ્વાભાવિક છે. દુઃખમાં મરણદુઃખનું પણ મૂળ કારણ એક માત્ર આસક્તિ છે. આસક્તિ હોય ત્યાં અજ્ઞાન અને મોહ હોય જ અને જેમ જેમ આસક્તિ વધતી જાય, તેમ તેમ જે સ્થિતિ અત્યારે છે, તે કરતાં વધુ સારી સ્થિતિ મરણ પછી પરલોકમાં મળશે, એની ખાતરી શી રીતે થાય? અને તો બીજાં બધાં દુઃખો કરતાં મૃત્યુનું દુઃખ વધુ સાલે તે દેખીતું છે. વળી શરીરની જે કાંઈ શક્તિઓ છે, તે પણ આવી નિરાશામાં ઢીલી થઈ જાય એટલે શક્તિઓને ટકાવવી અને નિરાશાને ખંખેરી નાંખવી એટલું જો માનવદેહ મળ્યા પછી થઈ શકે તો જાણે જગ જીતી ગયા! શ્રીમદ્ કહે છે:

'જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
 તે કારણ છેદક-દશા, મોક્ષપંથ—ભવઅંત.
રાગદ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
 થાય નિવૃત્તિ જેહથી તે જ મોક્ષનો પંથ'

સચિત્ત થયેલા વીર્યનું એક બિન્દુ ખોટી રીતે બગડે, તે મરણ જ છે. અને જો એવાં પ્રક્ષો- અનો બચે તે બચી જાય, તો એ જીવન જ છે.

૩ ગ

જીવન-જિંદગી બેમાં, વાપરો જીવનાર્થે તે... (જ

જિંદગી અને જીવન

અહીં જિંદગી અને જીવન વચ્ચેનો ભેદ સમજી લેવા જેવો છે. આયુષ્યનો સંબંધ જિંદગી સાથે છે. પણ જીવનનો સંબંધ સીધો ચેતન સાથે છે. 'વીર્યને જૂંગળાવવું નહીં' એનો અર્થ જ એ છે કે 'વીર્યસંચયનો મુખ્ય ઉપયોગ ચેતનાની અથવા આત્માની ઓળખાણ માટે થવો જોઈએ' આત્માની ઓળખાણ માટે જિંદગી જિવાય તો એ પોતે જીવન બની જાય છે, અહીં પછી ખાવાપીવા, બોલવા, ઊઠવા-બેસવા અને સૂવા જેવી ક્રિયાઓ શરીરથી થતી હોય! એની ચિંતા નથી. પહેલાં જૈન પરિભાષા પ્રમાણે જે કર્મોના આસ્રવ (એટલે કે આવાગમન)ની હોય તે પણ સંવર અને ક્રમે નિર્જરાની ક્રિયા બની જાય છે. આચારાંગ

અરે ! આત્મવાદી ! આત્મતારી ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદ્રષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો

૬

સમ્યગ્જ્ઞાન ધરી જેથી, આખરે કર્મ-અંતતા,
પામશે જૈન ધર્મ છે, તેથી તેની જ ઉચ્ચતા. (૫)
અતીવ પાંચમે આરે, જો ચતુર્વિધ સંઘ છે,
શાશ્વત એવું ભાખેલું, તીર્થંકર જિનેશ્વરે. ૭

સમકિતનો મહિમા

સમ્યક્ત્વ અથવા સમકિતનો આથી જ જૈન-ધર્મમાં ઠેર ઠેર મહિમા છે. 'બોધિ-બીજ' દાતુ' 'બોધિ-બીજ' દાતુ' એ જ એ જિનેશ્વરરૂપી પરમાત્મા પાસે યાચે છે. 'લોગસ્સ'રૂપી ચોવીસ જિનવરોનાં કીર્તનમાં એને ઉત્તમ કહીને આરોગ્ય અને ઉત્તમ સમાધિમય 'બોધિલાભ આપો' એ જ માગણી કરવામાં આવી છે. અને આ પાંચમા આરાને પ્રથમકાળે ક્ષાયિક સમકિત

સર્વ સાધન મૂળ.' સત્સંગ પ્રભુકૃપા વિના મળે નહીં અને સત્સંગ મળ્યા વિના વિવેકશક્તિ જાગે નહીં. આમ આનંદમંગળનું મૂળ, બધી સાધનાઓરૂપી મૂળ અને બધાં સુફળોની સિદ્ધિ સત્સંગમાં જ સમાયેલી છે.

૬૩

સદ્ગુરુને પ્રતાપે જ, આવું ચિંતન થાય તો;
પસંદ ન કરું શાને ! સત્સંગ આ યુગે રૂડો. (૯)

સત્સંગનો પ્રતાપ

શ્રીમદ્ રાજચંદ્ર તો ત્યાં લગી કહે છે કે 'જેમ માટીનો ઢગલો હજારો વર્ષ લગી, એમ ને એમ પડયો રહે તો તેમાંથી કંઈ ઘડો બનતો નથી. ઘડો તો કુંભારનો યોગ મળે તો જ બની શકે છે. તેમ સદ્ભાગ્યે જીવ માત્રમાં આઠ રુચક પ્રદેશો તો ગાઢ એવાં કર્મોનો સંગી જીવ હોય તો પણ એ (આઠ પ્રદેશ) તો બધાં કર્મોથી નિર્બંધ રહે જ છે, જો ઠામ છે તો જ સંતોનું મહાનિમિત્ત મળતાં કર્મ-,

શૂરા માનવીઓ પણ ધર્મશૂરા બની શકે છે, તો આપણે કેમ ધર્મશૂરા ન થઈ શકીએ ? હા, નમ્રતા અને નિખાલસતા હોવી જોઈએ ! શ્રીમદ્ કહે છે તેમ અભિમાન અને સ્વચ્છંદ તો છૂટી જવાં જ જોઈએ ! કેટલીકવાર અભિમાન અને સ્વચ્છંદ જેવા પાપાના મોટા રોગો પણ સત્સંગનું અમૃત મળવાથી અવશ્ય દૂર થઈ જાય છે.

દ્રુ

તર્કો બુદ્ધિ-સમાધાને, ન બુદ્ધિભ્રમણાર્થ હો;
ચમત્કારે ન શ્રદ્ધા હો, ચારિત્ર્યાર્થે જ તે ઢળો. (૧૦)

શમ, સંવેગ, વૈરાગ્ય, આસ્થા ને અનુકંપના;
શંકા,કાંક્ષા,વિચિકિત્સા,ન ક્ષિપ્સા જડવાદિતા. (૧૧)

અતિચારોની આલોચના માટે

સમકિત પ્રગટ ન થયું હોય અને પ્રગટ થયા

હો સ્વાંગે જૈન કિંવા
  નો જૈનેતર ભલે છતા,
પામી પમાદરી ભિક્ષુ
  બાહ્યાભ્યંતર સાધુતા. (૧૪)

નિસર્ગનિર્ભરી જેનું,
  છે સાંગોપાંગ જીવન,
તે સૌ નિર્ગ્રંથ માને આ;
  ગુણજ્ઞ જિનશાસન. (૧૫)

જૈન સાધુ મરીચિ હો
  કિંવા સંન્યાસી-અંબડ;
ન ગણ ત્યાગનો નોખો
  એવું આ જિનશાસન. (૧૬)
સ્વપ્રિય શ્રાવિકા-શ્રદ્ધા,
  ચકાસી લોપ અંબડ;
વિચરે વીર-સંગાથે
  એવું ઉદાત્ત શાસન. (૧૭)

સદ્ગુરુ કોને કહેવાય ?

વીતરાગરૂપી પરમાત્માના માર્ગમાં આરેથા ગમી સત્ય માર્ગે વર્તનાર હોય તેઓ જ સાચા સદ્ગુરુ છે. સાચા શબ્દોમાં કહીએ તો સ્વપર હિત સાધનાની સમજુવાળાઓ સર્વધર્મ ઉપાસક સત્પુરુષ છે, તે જ સાચા સદ્ગુરુ છે. શ્રીમદ્ કહે છે.

'આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ.'

જૈન દર્શન ગુણપૂજક હોવાથી જ તે જગતના આંતરબાહ્ય, સાધુતાવાળાં સૌ સાધુ-સાધ્વીઓને સ્વીકારી "નમો લોએ સવ્વસાહૂણં" એટલે કે નમસ્કાર હો! લોકના સર્વસાધુઓને એમ કહે છે. નિયમં નિર્ભર લોકોનું સાંગોપાંગ જીવન છે, તેવા સર્વ નિર્ગ્રંથો જૈન દર્શનને માન્ય છે. ભ. ઋષભનાથના પૌત્ર મરીચિકુમાર જૈન સાધુ

(આયુષ્યબંધ) પડી શકે છે અને દુર્ગતિને બદલે સદ્‌ગતિમાં જરૂર ફેરવી શકાય છે. અઈમંત્ત ગજસુકુમાર મુનિ અને રાજા પ્રદેશીએ જિંદગીનો છેડો બગડે તેવાં નિમિત્તોમાં પણ છેડો સુધારી જ લીધો હતો !

૯

દાનાદિ ભાવ છે ચાર,
        ભાવના ચાર-બાર છે,
સંગ્રહ પ્રાણ ને પ્રીતિ;
        હોંશથી તત્પર જે થશે. (૨૧)
ત્રણ શ્રાવક-સંકલ્પો
        તેના સતત છે રહ્યા,
મહારંભથકી છૂટી,
        અલ્પારંભે જવું પછી. (૨૨)
અનારંભી થઉં શુદ્ધ,
        ત્યજું પરિગ્રહો બધા;
અહંતા મમતા ત્યાગી,
        અંતકાળ સુધારવા. (૨૩)

આવી શાંખી ધર્મ ટેવ,
પડે નહીં યથાશય
થાય સામાયિક ધ્યાન,
પ્રતિક્રમણ આવશ્યક. (૧૪)
"ન ધર્મ જાણ્યો-જે
શ્રમણ દેવ પાળવા,
સામાયિક ક્રિયા પ્રાયા
યથાર્થ કરવી સદા. (૧૫)
તે જ રીતે વળી રોજો
ફરી કરી સુમેળથી;
જીવન સર્જવા બાંધી,
પ્રતિક્રમણની વિધિ. (૧૬)
સમત્વયુક્ત નિરોધી,
થવા આ ઉપયોગી છે,
સામાયિક વળી આમ,
પ્રતિક્રમણ એવ તે. (૧૭)
સામાયિક કર્યા બાદ,
બાકી કાળ સમત્વનો

પડે છે.

(૨) ઉચિત સમયે કે મૃત્યુ સમયે આખરે
દેવ, ગુરૂ અને સદ્ધર્મ સિવાયનાં બીજાં કો
સાધનો ઉપયોગી પૂરવાર થતાં નથી એટલે સમ્ય
આપ્તદેવ, ગુરુ અને સદ્ધર્મ ઉપર જ વધુ દૃઢ કરે
તેને માટે અશરણ ભાવના ઉપયોગી થઈ પડે
૨

(૩) સંસારમાં મારું શરીર, મારાં સગાંસંબં
અને મારાં ગણાતાં સૌમાં કેવળ સત્યરૂ
પરમાત્મા જ મારો છે. એટલે ધર્મ સંબં
અને સ્નેહીસગાંઓના સંબંધમાં પરસ્પર વિરો
આવે ત્યાં ધર્મસંબંધને જ કર્તવ્ય સંબં
ગણી બીજા સંબંધો, તેમાં સાધક થતા હોય
તેટલા જરૂર રાખવા. બાકીના મોહ સંબંધોને
તજવા કોશિશ કરવી તે જ સંસાર ભાવનાનુ
૩
હસ્ય છે.

(૯) આત્માએ જગતમાં 'એકું' તત્ત્વરૂપ આત્મા જ છે એમ માની પોતાના શરીરમાં અને આત્મીયજનના શરીરમાં માત્ર આત્મા ઉપર જ એકાગ્ર દ્રષ્ટિ રાખવી. તે એકત્વભાવનાનું રહસ્ય છે.

૫

(૫) અશરણ ભાવનાના વિકાસ માટે અનેક સંબંધીઓ અને અનેક સાધનોની જરૂર પડે છે, તે સૌ સ્વયં અનુકુળપણે હોવા છતાં જગતથી પરંતુ આત્મા ઉપરની એકાગ્રતા મૂકવા નથી જાણવી તે અશરણ ભાવનાનું રહસ્ય છે.

૬

(૬) પવિત્ર પણ એક આત્મા જ છે એટલે અસત્યથી અપવાદ નથી એવી શરીર તરફની પ્રીતિ સ્વપ્નમાં પણ ન થાય, તે અશુચિ ભાવનાનું અંતિમ તાત્પર્ય છે.

(૭) કર્મોનાં આવાગમનમાં પ્રથમ શુભને એમાં હવાનાં પણ શુદ્ધનું (પરંતુ) લક્ષ્ય રાખીને. તેમાં જ આત્મભાવનાના ચિંતનનું સાધ્ય

કાયાથી તે સૌનુ 'તસ્સ મિચ્છામિ દુક્કડં'' એટલે કે તે મારૂ દુષ્કૃત્ય મિથ્યા થશે.

(૩) કુંથુઆ, જૂં, માંકડ, મકોડા, કીડા વગેરે ત્રેઇન્દ્રિય જીવોની હિંસા કરી, કરાવી કે અનુમોદી હોય મનથી, વચનથી અને કાયાથી તે સૌનું 'તસ્સ મિચ્છામિ દુક્કડં'' એટલે કે તે મારૂં દુષ્કૃત્ય મિથ્યા થશે.

(૪) વીંછી, માખ, ભ્રમર વગેરે ચતુરિન્દ્રિય જીવોની હિંસા કરી, કરાવી કે અનુમોદી હોય મનથી, વચનથી કે કાયાથી 'તસ્સ મિચ્છામિ દુક્કડં'' એટલે કે તે બધું મારુ દુષ્કૃત્ય મિથ્યા થશે.

(૫) પાણીમાં વસનાર, જમીન ઉપર વસનાર, કે આકાશમાં ઊડનાર કોઈ પણ પંચેન્દ્રિય જીવોની હિંસા કરી, કરાવી કે અનુમોદી હોય, મનથી, વચનથી, કે કાયાથી, તસ્સ મિચ્છામિ દુક્કડં'' એટલે તે બધું મારું દુષ્કૃત્ય મિથ્યા થશે. તથા હિંસાકારી સાધનો જેવાં કે નાળો, જળાળો,

તરવાર, ભાલાં, બરછી, બંદૂક, છરી, સૂડી, ઘંટી, સાંબેલાં, ખાંડણિયા વગેરે પણ વોસરાવી દઉં છું.

(૨) ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી અથવા પરવશપણાથી જે કાંઈ અસત્ય વચન કહ્યું હોય કે અસત્ય વર્તન કર્યું હોય, કરાવ્યું હોય કે અનુમોદ્યું હોય મનથી, વચનથી અને કાયાથી તે બધું મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

(૩) કપટકળાથી બીજાને છેતરીને ધાડું પણ નહીં આપેલું ધન મેં ગ્રહણ કર્યું હોય, તે સૌની નિંદા કરું છું અને ગર્હા કરું છું.

(૪) રાગ સહિત હૃદયથી દેવતાસંબંધી, મનુષ્યસંબંધી, અથવા તિર્યંચસંબંધી જે મૈથુન અથવા અબ્રહ્મચર્ય મેં આચર્યું હોય, આચરાવ્યું હોય કે અબ્રહ્મચર્યના આચરનારને અનુમોદન આપ્યું હોય તે સૌની નિંદા કરું છું અને ગર્હા કરું છું.

(૫) ધન, ધાન્ય, સુવર્ણ ([illegible]) ખેતરો,

તલવાર, ભાલાં, બરછી, બંદૂક, છરી, સૂડી, ઘંટી, સાંબેલાં, ખાંડણિયા વગેરે પણ વોસરાવી દઉં છું.

(૨) ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી અથવા પરવશપણાથી જે કાંઈ અસત્ય વચન કહ્યું હોય કે અસત્ય વર્તન કર્યું હોય, કરાવ્યું હોય કે અનુમોદ્યું હોય મનથી, વચનથી અને કાયાથી તે બધું મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

(૩) કપટકળાથી બીજાને છેતરીને પારકું પણ નહીં આપેલું ધન મેં ગ્રહણ કર્યું હોય, તે સૌની નિંદા કરું છું અને ગર્હા કરું છું.

(૪) રાગ સહિત હૃદયથી દેવતાસંબંધી, મનુષ્યસંબંધી, અથવા તિર્યંચસંબંધી જે મૈથુન અથવા અબ્રહ્મચર્ય મેં આચર્યું હોય, આચરાવ્યું હોય કે અબ્રહ્મચર્યના આચરનારને અનુમોદન આપ્યું હોય તે સૌની નિંદા કરું છું અને ગર્હા કરું છું.

(૫) ધન, ધાન્ય, સુવર્ણ (ઘડ. ન.) ખેતરો,

સંક્ષિપ્ત શ્લોક

અનુષ્ટુપ

મૃત્યુ દુઃખ-મહાદુઃખ,
કેમકે કર્મબંધ છે;
જેનાથી જન્મના ફેરા,
આત્માને ફરવા પડે. (૧)

અખંડાનંદી ને શુદ્ધ,
ચૈતન્ય-ઘન આત્મતા;
રાગ ને દ્વેષ અજ્ઞાને,
ઢંકાઇ જતી સદા. (૨)

મોહ અજ્ઞાનથી જન્મ-
મૃત્યુ એ કરવાં પડે;
જ્ઞાનથી મુક્તિ
માટે તો મથવું પડે. (૩)

ઉપાય મોક્ષનો સૌથી,
વીર્યસંયમ શ્રેષ્ઠ છે,
જીવન-નિર્દોષી એમાં,
વાપરો જીવનાયુ તે. (૪)

હે દયાળુ પ્રભુ ! દયા

સર્વત્ર સૌ સુખી થ

સર્વત્ર શિવતા વ્યાપો.

★

મમત ન કરું કાને ?
મત્સર આ ધુમે ફરે (૯)

નહીં બુદ્ધિ સમાધાને,
ન બુદ્ધિ સમત્વનું હો;
સમતાએ ન સધાય હો,
અભિમાનીંઅ તે હવે. (૧૦)

રાગ, દ્વેષ, મોહાદ્ય
આરાધના ને અનુમોદના;
શંકા, કાંક્ષા, વિચિકિત્સા,
ન મિથ્યા સ્તવનાદિના. (૧૧)

સ્વપરભેદ આમ જે,
ફેલાઈ જગ ફેરના;
વિશ્વના સર્વ જીવોમાં,
આત્મૈક્ય તત્ત્વ પેખતા (૧૨)

તે વીતરાગ તીર્થંકર—
ધર્મ પથ પ્રકાશક;

જીવ યોનિ ભમી એમ,
ચોરાસી લાખ થાય છે. (૪૯)

મૃત્યુ વાંછું અહિંસાને,
સત્યેય પૂર્ણ સાધવા;
ચોરાસી લાખ યોનિના,
સૌ જીવો યાદ લાવવા. (૫૦)

ખમો તે સર્વનાં હો જે,
અંતે તે પૂર્ણ મૂકવી,
આત્મીયતા સહુ સાથે,
સાધી મૃત્યું જવું જિતી. (૫૧)

જ્ઞાન દર્શનમાં મારા,
સૂક્ષ્મ કે સ્થૂળ દોષ જે.
ક્ષમા તે ચિંતવી થાઉં,
સ્થિર હું જ્ઞાન દર્શને. (૫૨)

પછી ચારિત્ર્યનાં મારાં,
ખતો તે સર્વ ચિંતવું;
નાના મોટાં લીધેલાં કે—
ન લીધાં તે પણ સ્મરું. (૫૩)

જીવ યોનિ બધી એમ,
　　ચોરાસી લાખ થાય છે. (૪૯)
મૃત્યુ હાથે અહિંસાને,
　　સત્યેય પૂર્ણ સાધવા;
ચોરાસી લાખ યોનિના,
　　સૌ જીવો યાદ લાવવા. (૫૦)

ખમો તે સર્વનાં હો જે,
　　અંતે તે પૂર્ણ મૂકવી,
આત્મીયતા સહુ સાથે,
　　સાધી મૃત્યું જતું જિતી. (૫૧)

જ્ઞાન દર્શનમાં મારા,
　　સૂક્ષ્મ કે સ્થૂળ દોષ જે;
ક્ષમા તે ચિંતવી યાચું,
　　સ્થિર હું જ્ઞાન દર્શને. (૫૨)
પછી ચારિત્ર્યનાં મારાં,
　　મતો તે સર્વ ચિંતવું;
નાના મોટાં લીધેલાં કે—
　　ન લીધાં તે પણ સ્મરું. (૫૩)

સત્ય અચૌર્ય ને બ્રહ્મ,
અહિંસા અપરિગ્રહ;
રાત્રિ ભોજન આદિમાં
સનિ એ થઈ રોધ તે. (૫૪)

પંચ સમિતિ ત્રિગુપ્તિ,
આઠ તે જનની સમી;
સાધુ શ્રાવક બંનેએ,
લક્ષમાં નિત્ય રાખવી. (૫૫)

ઉપશાંત બનો સાન,
શુદ્ધ લેશ્યા બનો રૂપે;
સિંચો મૂળ વ્રતોમાંહે,
અમૃત એથી પુષ્પ તે. (૫૬)

સર્વ ચારિત્ર્યમાં શું તો,
અંતે વીર્ય તપે ફરી;
હવે આવો બની પૂરા,
અંતે તાણ ફરી ફરી. (૫૭)

જીવ યોનિ બધી એમ,
        ચોરાસી લાખ થાય છે. (૪૯)
મૃત્યુ વાંછે અહિંસાને,
        સત્યેય પૂર્ણ સાધવા;
ચોરાસી લાખ યોનિના,
        સૌ જીવો યાદ લાવવા. (૫૦)

ક્ષમો તે સર્વનાં હો જે,
        અંતે તે પૂર્ણ મૂકવી,
આત્મીયતા સહુ સાધી,
        સાધી મૃત્યું જશું જિતી. (૫૧)

જ્ઞાન દર્શનમાં આરા,
        સૂક્ષ્મ કે સ્થૂળ દોષ જે;
થયા તે ચિંતવી થાઉં,
        સ્થિર હું જ્ઞાન દર્શને. (૫૨)
પછી ચારિત્ર્યનાં આરાં,
        મતો તે અર્થ ચિંતવું;
નાના મોટાં લીધેલાં કે—
        ન લીધાં તે પણ સ્મરું. (૫૩)

સત્ય અચૌર્ય ને બ્રહ્મ,
અહિંસા અપરિગ્રહ;
રાત્રિ ભોજન આદિમાં
રતિ જે થઈ હોય તે. (૫૪)

પાંચ સમિતિ ત્રિગુપ્તિ,
આઠ તે જનની સમી;
સાધુ શ્રાવક બંનેએ,
લક્ષમાં નિત્ય રાખવી. (૫૫)

ઉપશાંત વનો સાન,
ગુણ ક્યારા મતો રૂપે;
સિંચે મૂળ વનોમહિં,
અમૃત જેવી પુષ્ટ તે. (૫૬)

સર્વ ચારિત્ર્યમાં શું તો,
અંતે વીર્ય તપે ફરી;
હૈયે આવો ભરી પૂર,
અંતે તાજું ફરી ફરી. (૫૭)

જીવ યોનિ ભણી એમ,
 ચોરાસી લાખ થાય છે. (૪૯)

મૃત્યુ વાળે અહિંસાને,
 સંક્ષેપ પૂર્ણ સાધવા;

ચોરાસી લાખ યોનિના,
 એ જીવો યાદ લાવવા. (૫૦)

આજો તે સર્વનાં હો જે,
 અંતે તે પૂર્ણ મૂકવી,

આત્મીયતા સહુ સાથે,
 સાધી મૃત્યુ જતુ જિતી. (૫૧)

જ્ઞાન દર્શનમાં મારા,
 સૂક્ષ્મ કે સ્થૂળ દોષ જે;

ક્ષમા તે ચિંતવી થાઉં,
 સ્થિર હું જ્ઞાન દર્શને. (૫૨)

પછી ચારિત્ર્યનાં મારાં,
 વ્રતો તે સર્વ ચિંતવું;

નાના મોટાં લીધેલાં કે—
 ન લીધાં તે પણ સ્મરું. (૫૩)

સત્ય અચૌર્ય ને બ્રહ્મ,
અહિંસા અપરિગ્રહ;
રાત્રિ ભોજન આદિમાં
ક્ષતિ જે થઈ હોય તે. (૫૪)

પાંચ સમિતિ ત્રિગુપ્તિ,
આઠ તે જનની સમી;
સાધુ શ્રાવક બંનેએ,
લક્ષમાં નિત્ય રાખવી. (૫૫)

ઉપરાંત વ્રતો સાત,
ગુણ શિક્ષા વ્રતો રૂપે;
બિંદુ મૂળ વ્રતોમાંહિ,
અમૃત જેથી પુષ્ટ તે. (૫૬)

સર્વ ચારિત્ર્યમાં હું તો,
અંતે વીર્ય તપે કરી;
હવે ભાવો ભરી પૂરા,
અંતે તાજું કરી ફરી. (૫૭)

આ લોકે પરલોકે કે,
પૌદ્ગલિક પ્રકારની;
કરી પચ્ચખાણ અપેક્ષા હો,
તે સર્વ વોસરાવું છું (૫૮)

પ્રાણાતિપાત આદિ જે,
પાપ સ્થાનક અઢાર તે;
જડમૂળ થકી તે સૌ;
આ હાલે વોસરાવું છું (૫૯)

સૌ બાહ્ય શરણાં છોડી,
દેહ મમત્વ ત્યજું છું;
હવે આ ચાર આત્માર્થે,
શરણાં દૃઢ ધારું છું. (૬૦)

તીર્થંકૃત્ વીતરાગો,
સૌ સિદ્ધ મુક્તિપ્રાપ્ત જે;
સૌ સાધુસંત નિર્ગ્રંથ,
ને તે અર્હદ્ધર્મ રૂપ જે. (૬૧)

આ ચાર શરણાં સાચાં,
સૌ દુઃખ હરણાં તથા,
તે સમક્ષે કરું નિંદા,
ને આલોચન ગર્હણા. (૬૨)

જેથી દુષ્કૃત સૌ મારાં,
થાય મિથ્યા પૂરેપૂરાં;
ધર્મ પાળ્યો પળાવ્યો ના,
તે ભૂલોના થશો ચૂરા. (૧૩)

જૈનોનો આ નમોકકાર,
પંચ પરમેષ્ઠી મંત્ર છે;
નિખિલ વિશ્વવાત્સલ્યથી,
સમર્થ આવશ્ય તે (૧૪)

આમ પ્રપૂર્ણ તેની હું,
આરાધના નિરંતર;
કરું, સુકૃતની ભાવે,
હું વળી અનુમોદના (૧૫)

મૈત્રી હો સર્વ જીવોમાં,
ગુણી પ્રમોદ ભાવના;
દીનોમાં કરુણા દીનો-
પ્રત્યે માધ્યસ્થ ભાવના. (૧૬

સિદ્ધો, તીર્થંકરો સાધુ,
સાધ્વી, શ્રાવક શ્રાવિકા;
ઉપકારી જીવો સૌ હું,
ખમાવું ક્ષમજો બધાં. (૬૭)
મૃત્યુ આવી પડે અચાનક કદી, !
એ તમું'ફુતી' ઘડી,
તે પેલાં જિનદેવ !
મુજ હૃદયે તારી સ્મૃતિ લાધતી.
ને જાણે અણુગાર તત્ત્વ,
મુજને સદ્બોધ સંબોધતું;
એવું પુસ્તક આ થજો મૃત સમે,
'અમૃત ઘોળા' સમું. (૬૮)

ભાગ ૨જો

મૂળ વૈરાગ્ય નિશ્ચય નયનું ચિંતન
(અનુષ્ટુપ શ્લોક)

૯૮. પુદ્ગલ, આકાશ-
ધર્મ, અધર્મ, પાંચ એ
અસ્તિકાયો, તથા કહ્યો,
રૂપી-છઠ્ઠો ય કાળ છે. (૧)

ભર્યાં આ લોકમાં પાંચ,
કિંવા દ્રવ્યો છએ મળી;
લોકાકાશ સુધી તે સૌ-
ની હસ્તી માત્ર જાણવી. (૨)

એથી ઊંચેરૂ આકાશ,
અલોક એકલું પણ
ત્યાં જીવો કે ન આત્મા કે,
ધર્મ, અધર્મ, પુદ્ગલ. (૩)

અને તો, હરવાનું છે,
માટે લોકાગ્રસ્થાન તો
તેને પામ્યા પછી ત્યાંથી,
ન પાછું ફરવું પડે. (૪)

[illegible]

[illegible] (૫)

[illegible]

[illegible] (૬)

[illegible]

[illegible] (૭)

[illegible]
કર, વિવેક કેળવી;
[illegible]
[illegible] (૮)
[illegible]
[illegible]

તેમ વ્યષ્ટિ-સમષ્ટિનો,
આત્મ નાતો મળે નિત. (૯)

કેમકે વ્યક્તિમાં આત્મા,
તેવો દષ્ટ સમષ્ટિમાં;

નાતો બન્નેય જે સાધે,
પહોંચે તે જ મુક્તિમાં. (૧૦)

જૈનાગમો વધાં તેથી,
મનોમન-પરોપકા

સિદ્ધોનો ભાખતો આત્મા,
ત્યાં અનંતું છતાં સુખ. (૧૧

આ ક્ષેત્રે પાંચમે આરે,
નથી સંભાવ્ય એ દશા;

તો યે મળ્યું વિના સાધે,
મારી આંતર ઘોતના. (૧૨)

મહાવિદેહ-ક્ષેત્રે તો,
આરો ચતુર્થ સર્વદા;

શાશ્વત ત્યાં મળે નિત્ય,
ક્ષેત્ર નિર્બંધ તે સદા.

જેમ સમય જાને આ,
સમધિ-વિનતા વરે. (૧૮)
આત્મ પામતો મોક્ષ,
દેહાદિ શુદ્ધિ સાધનો
તે જ ઉપાધનો થાતો,
પરેકે ભિન્ન યોનિએ. (૧૯)
વાતાવરણ પ્રદીપથી,
પોતાનું પેટું થઈ શકે;
મોક્ષમાર્ગથી જગતજીવો,
પામે સાતા અતિશય. (૨૦)
આરે ધર્મિષ્ઠ પ્રદીપથી,
કાયમી નિત્ય શાન્તિતા;
સાધકો જન સર્વ જો
મળી સ્થાપે સુરેકતા. (૨૧)
(અથવા સુશ્રેષ્ઠતા)
વ્યક્તિરૂપે ધરો મોક્ષ,
કરી સમષ્ટિ રૂપ ના,
તેથી સંસારી ને મુક્ત,
ઉત્કર્ષ-બોધ આપો હિત. (૧)

કોઈ આત્મત્વ ના પામે,
ને ન આત્મા જડત્વને. (૨૭)
કિંતુ અજ્ઞાનથી-જ્ઞાન,
કર્મોનો બંધ આવશે;
તેથી બને નવે તત્ત્વો,
જીવ-પુદ્ગલ સંગ તે. (૨૮)
જીવ, અજીવ ને પાપ;
પુણ્ય આશ્રવ, સંવર;
નિર્જરા બન્ધ ને મોક્ષ,
એમ સંસાર મોક્ષ જ. (૨૯)
પ્રથમ પાપને છોડી,
સધાતાં પુણ્ય એકઠાં,
ધર્મ લક્ષ્ય કરી ઠીક,
સંસારે ચાલશુ સદા. (૩૦)
ને સદ્ધર્મોનું મૂલ્ય,
ધર્મ લક્ષ્ય રખાવવા;
સંસ્થા ને સાધના લક્ષ્યે,
સમૂળી ક્રાન્તિ લાવવા. (૩૧)
પ્રજા ઘડાટ-સુધાર,
જેમ વ્યક્તિ મહીં થતા;

કેવું નથી) તે જ રીતે જૈન તત્ત્વજ્ઞાન મુજ
આત્મજ્ઞાન પણ વિસરાવા દઈ શકતું નથી. કારણ કે
જૈન તત્ત્વજ્ઞાન એટલે વીતરાગતીર્થંકર જિને-
શ્વરોએ બતાવેલું ગુણપ્રધાન તત્ત્વજ્ઞાન. આ
તત્ત્વજ્ઞાને જ વૈદિક અને બૌદ્ધ બન્ને ધર્મોને
આદ્ય જગદ્ગુરુ શંકરાચાર્યને સમયે એક
બનાવ્યા અને જગતના બધા ધર્મોના સમન્વય
રૂપે જગતને એક નવો 'હિંદુધર્મ' શબ્દ આપ્યો.
જેથી ભારતીય માનવ વિશ્વમાનવતાનો અગ્રદૂત
બની શકે' એથી ફરી માનવતા સહિત માનવદે
પ્રાપ્ત કરી આ આત્મા સિદ્ધ દશા પામી શકે.
તે ચિંતન પણ મૃત્યુ વેળાએ સાથોસાથ કરી
લેવાનું છે.

જૈનતત્ત્વજ્ઞાનમાં

આવા ગુણદૃષ્ટિ જૈનતત્ત્વજ્ઞાનમાં આત્મા
અને જીવ એવા બે શબ્દો આવે છે. આમ તો
આત્માના જે ગુણો છે, તે જ જીવના પણ છે.
પરંતુ 'અપ્પા સો પરમપ્પા' એટલે કે 'આત્મા

પરમાત્મા પદને પામે છે' તે વાત જ અહીં લાગુ પાડીએ તો 'ઋત્' ધાતુનો અર્થ સાતત્યગમને એટલે કે સતત ગતિશીલતા થાય! અને જેટલા ગમનાર્થ બતાવતા ધાતુઓ છે, તે જ્ઞાનાર્થ પણ બતાવી શકે છે, તેમ સ્વીકારી લઈએ તો આત્મા એટલે શુદ્ધ જ્ઞાનમય તત્ત્વ પણ લઈ શકાય. તે રીતે તે પોતે જ જગતનું સર્વ કાંઈ છે. શ્રીમદે પોતાના પત્રસાહિત્યમાં 'અધિષ્ઠાન' શબ્દનો જે વિશાળ અર્થ કરેલ છે તે કેવળ આવા 'આત્મા'-માં જ ઘટી શકે છે. અને આવો પરમ વિશુદ્ધ આત્મા તો વીતરાગ તીર્થંકરો અથવા સિદ્ધના જીવોનો જ હોઈ શકે. જે સિદ્ધો લોકના અગ્રભાગમાં સ્થિર થઈ ગયા છે અને જગતમાં આ પહેલાં થએલા અને મહાવિદેહે વિચરતા વીતરાગ તીર્થંકરો પણ તે જ સ્થળે લોકના અગ્રભાગમાં ભૂતકાળે સ્થિર થયા અને હવે થવાના છે.

લોકરૂપો અને અલોક

સંસારી અને મુક્ત એવા જેમ બે પ્રકારના જીવો છે, તેમ લોક અને અલોક એવા બે ક્ષેત્ર-

'તત્ત્વો'

સંસારી જીવો કર્મસંગી બનવાથી જૈન પરિભાષા પ્રમાણે તેઓમાં નવ તત્ત્વો સદા રહેલાં કહેવાય છે. નવ તત્ત્વોનાં નામ આ પ્રમાણે છે: (૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આસ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા (૮) બંધ અને (૯) મોક્ષ. કર્મ સંગ તો જીવને અને જીવોને વ્યક્તિગત અને સમુદાયગત એમ બન્ને પ્રકારે લાગે છે. જૈન આગમોમાં એનાં નામ આ પ્રમાણે હોય છે: વ્યક્તિગતકર્મ અને (૨) સામુદાનિક (અથવા સામુદાયિક) કર્મ વ્યક્તિ માત્રમાં જેમ એક વિશુદ્ધ આત્મતત્ત્વ હોય છે, તેમ વિશ્વના નાના મોટા સૌ જીવ માત્રમાં પણ એક જ્ઞાનમય આત્મતત્ત્વ હોય છે જ. એને કારણે એક બાજુ જેમ કર્મ સંગને લીધે જીવ માત્રમાં કોઈને કોઈ પ્રકારની અશુદ્ધિ હોય છે, તેમ બીજી બાજુ આત્મતત્ત્વને લીધે શુદ્ધિ પણ સાથોસાથ હોય છે જ. આ ઉપરાંત વ્યક્તિગત આત્મતત્ત્વ સાથે

(સિધ્ધિ અથવા) જીવ આત્મતત્ત્વ બીજું પણ એક
અંતરાત્મિક આત્મતત્ત્વ પણ હોય છે જ. આ રીતે
ત્રણે—ત્રણેથી—ત્રણેથી જીવમાં આત્માની ત્રણ
દશાઓ હોય છે. (૧) બહિરાત્મદશા, (૨) અંત-
રાત્મદશા અને (૩) પરમાત્મદશા.

'બહિરાત્મદશામાં'

બહિરાત્મદશામાં શરીર વગેરે ઉપર અને મો-
હને લીધે શરીરને કારણે મનાંવાતાં મિત્ર, સ્નેહી
વગેરે ઉપર અહંતા અને મમતા જેમ થાય છે,
તેમ રાગ-દ્વેષ અને ક્રોધાદિ કષાયો પણ જાગે જ
છે. આથી ધર્મસાધનામાં પ્રથમ પ્રથમ અશુભ
આસ્રવદ્વારો બંધ કરી શુભાસ્રવ અથવા પુણ્યને
ગ્રહણ કરાય છે અને અશુભાસ્રવનો અથવા પાપનો
ત્યાગ કરી શકાય છે. એ કે છેવટે તો
પુણ્યરૂપી શુભાસ્રવને પણ છોડી દેવાનું હોય
છે! પણ પ્રથમ પ્રથમ તેને સાધવું પડતું
હોવાથી નવ તત્ત્વોમાંથી (૧) જીવ, (૨) અજીવ, (૩)
પુણ્ય, (૪) આસ્રવ, (૫) સંવર, (૬) નિર્જરા, (૭)

બંધ બને (૮) માટે એમ આઠ તત્ત્વો રહે છે. પુણ્યના ક્ષીણ થવાથી જીવન માનવ કાયા પણ મળે છે અને મોક્ષ માટેના સાધના પણ સાંપડે છે. ઉંડાણમાં સમજણ અને જ્ઞાનની તૈયારી થવાને કારણે પુણ્યમાં આવેલ જીવ ફસાઈ પડતો નથી પણ સંવર અને નિર્જરા પ્રત્યે ખેંચાતો જાય છે. ધર્મનું નિશાન હાલવાર પણ ન ચૂકવાને કારણે તેવા જીવમાં આર્તધ્યાન—રૌદ્રધ્યાન દૂર થઈ ધર્મધ્યાન સ્થિર થઈ જાય છે. અને શુક્લ-ધ્યાનમાં પણ ક્રમે ક્રમે તેવો સાધક આગળ વધતો જાય છે અહીં શાલિભદ્ર નામના ધર્મશ્રદ્ધી જીવનું જીવન અનુકરણીય બની રહે છે! મગધ દેશનો રાજવી શ્રેણિક ચાલી ચલાવીને જાતે શાલિભદ્રને ઘેર સમૃદ્ધિ જોવા ગયો પણ ત્યાં શાલિભદ્રનું અભિમાન વધવાને બદલે વધુ ત્યાગ—તપના જ તેમને વિચારો આવ્યા. અને છેવટે તેઓ જૈન સંન્યસ્તધારી સાધુ થયા. કારણકે ગોવાળિયાના પૂર્વજન્મમાં એને જે સાધુદર્શન થયેલું, તેનો

સત્સંગ-રંગ ખાડેખાડે લાગી ગયો હતો! જૈન ઢોકો પોતાના નવા વર્ષના નવેસરથી લખાતા ચોપડામાં 'ધન્ના શાલિભદ્રની રીદ્ધ હોજો' એમ આ કારણે જ લખતા હોય છે. આમ ઊંડે એ આઠ તત્ત્વોમાં પણ નિર્જરા વધી અને કર્મક્ષય કરી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા અને બંધ એ છએ તત્ત્વો શમી જઈ માત્ર જીવ અને મોક્ષ એમ બે જ તત્ત્વો રહે છે. (૧) જીવતત્ત્વ અને (૨) મોક્ષતત્ત્વ. આમાં પણ જ્યારે એવા ચેક જીવનો મોક્ષ થઈ જાય, ત્યારે તે જીવ પરમાત્મા બની જાય છે. જ્યાં સુધી સાધનામાં બીજાં તત્ત્વો પણ તેનામાં હોય છે, ત્યાં સુધી તેવો જીવ અંતરાત્મદશામાં અથવા સમકિતમાં સ્થિર થયેલો કહેવાય છે. આમ બહિરાત્મદશાને સમૂળગી દૂર કરી હોય તો (વ્યષ્ટિના કે) વ્યક્તિના શરીરમાં રહેલી ચેતના અને સમષ્ટિના શરીરમાં રહેલી ચેતના એ બન્નેની મૂળ જ્ઞાનદૃષ્ટિએ એકરૂપતાનો જીવંત અનુભવ થાય છે. આ માટે દશવૈકાલિક સૂત્રમાંની આ ગાથા સાર્થ બની જાય છે

'સવ્વ ભૂયપ્પ ભૂયસ્સ,
સમ્મ ભુયાઈ પસ્સઓ।
પિહિયા સવસ્સ દંતસ્સ,
પાવકમ્મ ન બંધઇ.'

એટલે કે પ્રાણી-માત્રમાં આત્મીયતા ધરાવી જે પ્રાણી-માત્ર પ્રત્યે સમતા આવે છે, તે જ્ઞાનને કારણે આસ્રવતત્ત્વ સમૂળગું નાબૂદ થાય છે એવો દમિતેંદ્રિય જીવ, કદી પાપ બાંધતો જ નથી. સમકિતની સામગ્રી આવા સમકિતના મહિમાને લીધે જ જૈનતત્ત્વજ્ઞાનમાં સવિશેષે કરાઈ છે અને એમ ધર્મધ્યાનસ્થિત સાધુપુરુષ એમ જ પાછો ક્રમે ક્રમે ચાર ઘનઘાતિ-કર્મો (એટલે કે ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. મોહનીય તથા ૪. અંતરાયકર્મ) સમૂળગાં દૂર કરી કરીને સયોગી કેવળી નામને તેરમે ગુણસ્થાનકે (તેવો સાધક આત્મા) પૂર્ણપણે સ્થિર થાય છે, અને તીર્થંકર હોય તો તે બાકીની જિંદગી સ્વ-લક્ષ રાખી વ્યવસ્થિત સંઘ સ્થાપી તે સંઘના

સંપર્કમાં રહી સુખપૂર્વક પ્રસાર કરે છે. સામાન્ય
કેવળી અનન્ત ટકે તો થઈ સિદ્ધિ વરી શકે છે. જ્યારે
આ ભરત ક્ષેત્રના હોવામાં આચાર્ય (જિન પ્રતિમા-
વાળા) કાળચક્ર ચોથા છ આરામાં માત્ર
ચોવીસ જ તીર્થંકર જિન-કેવળીઓ થાય છે. છતાંય
ચોવીસ જિનવરો સિદ્ધાત્માને ઓળખો કરવામાં
સુચોક્કસ ભાગ ભજવે છે.

વ્યક્તિમાં જેમ આત્મા અનુભવાય છે, તેવો
જ દરેક માનવમાં પણ આત્મા છે જ. એટલે જ
વ્યક્તિગત સાધના અને સમાજગત સાધનાનો
તાળો મેળવી વ્યક્તિગત આત્માને સકળ કર્મોથી
મુક્ત બનાવવો પડે છે તે જ રીતે સર્વ પ્રાણી-
ઓના આત્મા સાથે પૂરેપૂરું અનુસંધાન પણ
સાધી લેવું પડે છે. તો જ મુક્તિ દશાએ પહોંચી
શકાય છે. આથી હવે બાકીનાં ચાર 'અઘનઘાતિ'-
કર્મો પણ જે ચોંટ્યાં છે તેમને પણ તેઓ હટાવી
ને સામાન્ય કેવળી તરત અને તીર્થંકર કેવળી
ચતુર્વિધ સંઘ વ્યવસ્થિત થયા પછી છેવટે મોક્ષ
પામી જાય છે. એ પણ તે જ પરમાત્મદશા સાધ-

'સવ્વ ભૂયપ્પ ભૂયસ્સ,
સમ્મ ભૂયાઈ પસ્સઓ।
પિહિઆ સવસ્સ દંતસ્સ,
પાવકમ્મ ન બંધઈ.'

એટલે કે પ્રાણી-માત્રમાં આત્મીયતા હોવાથી જે પ્રાણી-માત્ર પ્રત્યે સમતા આવે છે, તે જ્ઞાનને કારણે આસ્રવનું સંપૂર્ણ નાબુદ થાય છે એવો દમિતેન્દ્રિય જીવ, કદી પાપ બાંધતો જ નથી. સમકિતની આગળી આવા સમકિતના મહિમાને લીધે જ કેવલજ્ઞાનમાં સન્નિધિ કરાઈ છે અને એમ ધર્મધ્યાનસ્થિત સાધુપુરુષ એમ જ પાછો ફરી ફરી ચાર ઘનઘાતિ-કર્મો (એટલે કે ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. મોહનીય તથા ૪. અંતરાયકર્મ) સમૂળગાં દૂર કરી કરીને સયોગી કેવળી નામને તેરમે ગુણસ્થાનકે (તેવો સાધક આત્મા) પૂર્ણપણે સ્થિર થાય છે, અને તીર્થંકર હોય તો તે બાકીની જિંદગી સ્વ-લક્ષ રાખી વ્યવસ્થિત સંઘ સ્થાપી તે સંઘના

સંપર્કમાં રહી સુખપૂર્વક પસાર કરે છે. સામાન્ય કેવલી અનંત છવો પણ સિદ્ધિ વરી શકે છે. જ્યારે આ ભરત ઐરવત ક્ષેત્રમાં આ આરા (જૈન પરિભાષાના) કાળચક્રના ચોથા જ આરામાં માત્ર ચોવીસ જ તીર્થંકર-કેવળીઓ થાય છે. છતાંય ચોવીસ જિનવરો સિવાયનાંને સિદ્ધિ કરવામાં પ્રતિબંધ આવ બનેલ છે.

વ્યક્તિમાં જેમ આત્મા અનુભવાય છે, તેવો જ દરેક માનવમાં પણ આત્મા છે જ. એથી જ વ્યક્તિગત સાધના અને સમાજગત સાધનાનો યોગ મેળવી વ્યક્તિગત આત્માને સકલ કર્મોથી મુક્ત બનાવવો પડે છે. તે જ રીતે સર્વ પ્રાણીઓના આત્મા સાથે પૂરેપૂરું અનુસંધાન પણ સાધી લેવું પડે છે. તો જ મુક્તિ દશાએ પહોંચી શકાય છે. આથી હવે બાકીનાં ચાર 'અઘનઘાતિ'-કર્મો પણ જે રહેલાં છે તેમને પણ તેઓ હઠાવીને સામાન્ય કેવલી તરીકે અને તીર્થંકર કેવલી ચતુર્વિધ સંઘ વ્યવસ્થાપક થયા પછી છેવટે મોક્ષ પામી જાય છે. હું પણ તે જ પરમાત્મદશા સાધ-

[illegible] ઉપર આપેલો
પણ [illegible] નામ મૂક્યું
[illegible] હોય, નામે સકંજ-
[illegible] છે [illegible]
[illegible] રીતે દીવા
[illegible] ગુણવાળા [illegible]
[illegible] થાય છે. આથી
[illegible] છે તે ધારા
[illegible] દુનિયાની પ્રજાઓ
આપું રહે તેમ [illegible] ધર્મશાન્તિ
મા) [illegible] કરી શકે [illegible] ધર્મના [illegible] રાખીને
કરે. આથી [illegible] સાથે [illegible]
અ ધર્મશાન્તિ કરતા હોય છે જે અખંડ પ્રકાશને
રીતે વિશ્વમાં આપણી શાન્તિ રહી શકે છે. આમ
આ ચતુર્વિધ સંઘ તીર્થંકર પ્રભાવ પછી પણ
આજ આચાર્ય ગુણિજન સાધુસાધ્વી શ્રાવક શ્રાવિકા-
રૂપી ચતુર્વિધ સંઘ રાખી શકે છે અને આમ
સ્વપર મેળવો તાળો આપી રીતે મેળવાને આવા
સુપાત્ર [illegible] પધારી શકે છે. તેના
[illegible] સ્વરૂપમાં
પણ આ

જૈન થઈ શકશે. એવી શ્રદ્ધા અને આવા સદ્દેવ, સદ્‌ગુરૂ અને સદ્ધર્મના ચિંતનથી રહે જ છે. એક બીજી વાત એ કે ચતુર્વિધ સંઘ એ પણ એક સંસ્થા છે. અને તેથી જેમ વ્યક્તિના જીવનમાં અજાગૃતિથી સડો પેસે છે, તેમ સંસ્થામાં પણ સડો પેસી શકે છે પરંતુ એ વ્યક્તિગત ક્રાન્તિ-કારને આવા ચતુર્વિધ સંઘના શાસનમાં આવી ઉંડી તક મળે છે અથવા અપાય છે તે એ રીતે કે સમકિતના પાયાઓ હંમેશા મજબૂત રહેવા જોઇએ. તો જ જૈન સંઘ તેના ઉપર ટકી શકે પણ આમ સદાકાળ રહેવું મુશ્કેલ છે. એટલે પરિગ્રહ, મોહ અને પ્રતિષ્ઠા એ ત્રણેયને છોડનારાં ક્રાન્તિ પ્રિય સાધુ સાધ્વી સંન્યાસીઓએ સેવક સેવિકાઓ રૂપ હાથ પગો વડે મુખ્ય બે સંસ્થાઓ, જૈન સંઘના પાયારૂપે બરાબર તાજી અને જીવંત રાખવી પડે છે. (૧) અધ્યાત્મ રૂપની સંસ્થા અને (૨) માર્ગાનુસારિત્વ રૂપની સંસ્થા. કારણકે અધ્યાત્મ મેળવ્યા વિના મોક્ષ માર્ગ

ઉપરકે અનુબંધ ન પના પામાંઓ; ખૂબ મજબૂત
પાયાની મર્યાદાઓથી પરિપક્વ બનાવી શકે
છે. જેથી જીવો માટે ભિક્ષુમાં પાછાં વળી
વિવિધ સંજ્ઞા થઈ પડે છે' એ કહેવાની જરૂર
ન હોય કે આ કામ મુખ્યત્વે આત્મિક સંતો
કરી શકે છે. કારણ કે પારમાર્થ, માનવ અને પ્રતિષ્ઠા
તેમાં જ પણે પણે જોઈ શકે છે' આમ
વ્યક્તિનો સામાજિક સાધકનો ધ્યેય અનુરૂપ પણ
થઈ જાય છે અને સંસ્થાઓ અને સંઘ દ્વારા
માનવ-સમાજનું પણ યથાર્થ પરિવર્તન થયા
કરે છે. આમ હું જેમ મારા માટે સિદ્ધ પામવા
આગળ વધી શકું છું તેમ અન્ય સુપાત્ર અથવા
સુપાત્ર જીવોને પણ શાંતિ સ્થાનમાં લાવવાના
પ્રેરકરૂપ આપોઆપ બની જઈ શકું છું
ઉપરાંત વળી બીજી વાત પણ એ છે કે એ દૃષ્ટિએ,
કેટલાક અત્યંત સુપાત્ર જીવો ફરી આ દેશમાં ન
જન્મતાં મહાવિદેહ દેશમાં પણ જન્મવાના
અધિકારી બની વહેલા વહેલા મોક્ષે જઈ શકે

છે. આ પરથી એ પણ સિદ્ધ થાય છે કે વ્યક્તિત્વ અને અહંત્વ બન્ને જુદી વસ્તુ છે. એટલે અહંત્વથી મુક્ત થવા માટે આવી ધ્યેય દૃષ્ટિવાળી વિશ્વમયતા સહેજે સહેજે આ માર્ગે વિચારી શકાતી હોય છે જ. એને લીધે વ્યક્તિત્વ પોતે વિકસીને આખરે વિશ્વમયતા સિદ્ધ થઇ ઊતરે એક બાજુ જેમ વ્યક્તિગત મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે તેમ બીજી બાજુ સર્વોપરીપણું એટલે કે પરમાત્મ દશા પણ આપોઆપ પમાઇ જ જાય છે

'સંતબાલ'

લેખકના અન્ય પુસ્તકો

શ્રી આચારાંગ સૂત્ર	૫-૦૦
* શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર	૧-૫૦
* શ્રી દશવૈકાલિક સૂત્ર	૦-૭૫
સાધક સહચરી	૧-૫૦
અનંતની આરાધના	૨-૦૦
સર્વધર્મોપાસના	૦-૫૦
વાત્સલ્ય મંજરી	૧-૫૦
સન્મુદ્રા (પ્રાર્થના)	૧-૨૫
ધર્માનુબંધી વિશ્વદર્શન ભાગ૧થી૧૦	૨૮-૭૫
આદર્શ ગૃહસ્થાશ્રમ	૧૦-૫૦
* યૌવન	૪-૦૦
જગદંબાના પત્રો	૨-૦૦
* અભિનવ રામાયણ (ગુજરાતી)	૨-૫૦
અભિનવ રામાયણ (હિન્દી)	૪-૦૦

---

* અપ્રાપ્ય

ગૂજરાતી સાહિત્યનાં ઐતિહાસિક પ્રકાશનો

વીરોની વાતા	અરદેશર	૭-૦૦
વીરાંગનાની વાતો ૧-૨	,,	૩૩-૫૦
આઝાદના બેટા	,,	૧૧-૫૦
નરેશ ક્રા	,	૯-૦૦
વીર જમશેદ	,	૭-૦૦
કાઠિયાવાડની કહાણીઓ	,,	૧૧-૫૦
રૂપી દુનિયા	,,	૧૧-૫૦
પ્રેમપ્રભાવ	,,	૬-૫૦
યુગપુરુષ પતંજલિ	ગિરજાશંકર ત્રિવેદી	૧૬-૫૦
ભગવાન પતંજલિ	,	૧૬-૦૦
યોગની રાજકન્યા	,	૧૪-૦૦
પુષ્યમિત્ર કવી	,,	૧૪-૦૦
મહારાજ સ્થાપિત નીલમ સાહિત્યવિશારદી		૧૩-૦૦
સેનાપતિ બહાદુર ૧-૨	,,	૩૪-૫૦
સમ્રાટ હર્ષવર્ધન	,,	૬૪-૫૦
શ્રી ગણેશાય	ધનશંકર ત્રિપાઠી	---